આપનું સપ્તાહ કેવું જશે?

તા.૦૯/૧૧/૨૦૨૬ થી તા.૧૫/૧૧/૨૦૨૬ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

મેષ (અ,લ,ઈ): આપના સાતમા ભાવમાં આત્મકારક સૂર્ય, મનના કારક ચંદ્ર અને બુધ્ધિનો કારક બુધની યુતિથી નવા વર્ષનો પ્રારંભ તુલા રાશિમાં તમારા વિચારોને હકીકતમાં બદલવા માટે તકો વર્ષ દરમિયાન સૂચવે છે. સમાજજીવનમાં કૌટુંબિક સમસ્યાનું સમાધાન થાય. ઘરમાં નવા મહત્ત્વના ફેરફાર થાય. નોકરી-ધંધામાં સ્થિરતાનો અનુભવ થાય. ઉંમરલાયકના વિવાહ થાય. વિદ્યાર્થીઓની મહત્ત્વાકાંક્ષા પૂર્ણ થાય. નવાં લોકો સાથે સંબંધો વધે. વિદેશનાં કામ થાય. પનોતીનો પ્રભાવ ઓછો જોવા મળશે.

વૃષભ (બ,વ,ઉ): આપના છઠ્ઠા ભાવમાં નીચ ભંગ કરતાં આત્મકારક સૂર્ય, મનનો કારક ચંદ્ર અને બુધ્ધિનો કારક બુધની હાજરીમાં નવા વર્ષનો આરંભ નોકરીમાં નવી તક સૂચવે છે તથા સરકારી નોકરીમાં સફળતા કે પ્રાઈવેટ કંપનીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની શક્યતા રહે છે. ધ્યાન ફક્ત આરોગ્યનું રાખવાનું રહેશે. આત્મબળ અને સ્વતંત્ર વિચારોથી અલગ પડશો. શત્રુઓનું કંઈ ચાલશે નહીં. કુનેહપૂર્વક કામની વ્યવસ્થાથી નવા પ્રોજેક્ટ મળશે. સામાજિક, કૌટુંબિક, કોર્ટ-કચેરી, સ્વતંત્ર-ધંધા, દાંપત્યજીવન વગેરેના પ્રશ્નો હલ થાય.

મિથુન (ક,છ,ઘ): નવા વર્ષના પ્રારંભે આપના પાંચમા ભાવમાં આત્મકારક સૂર્ય, મનનો કારક ચંદ્ર અને બુધિનો કારક બુધની યુતિ છે. સામાન્ય રીતે આસો માસની અમાવસની સૂર્ય ચંદ્રની યુતિને શુભ માનવામાં આવે છે. ગુરુના નક્ષત્રમાં થતી આ યુતિ આવનાર વર્ષ શુભ સંકેત સમાન છે. સંતાનોના પ્રશ્નો હલ થાય. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. જીવનસાથીથી લાભ થાય. પ્રેમવિવાહમાં મદદ મળે. નોકરી-ધંધામાં અનુકૂળતા રહે. શેરબજારમાં લાભ થાય. સરકારી કામમાં પ્રગતિ થાય. નવા વેપાર ધંધાનું આયોજન થાય. આવક વધશે.

કર્ક (ડ,હ): આત્માનો કારક સૂર્ય અને મનનો કારક ચંદ્ર અને બુદ્ધિનો કારક બુધની ચોથા ભાગમાં યુતિ સાથે નવા વર્ષનો પ્રારંભ શુભ સંકેત આપે છે. તુલા રાશિમાં આસો વદ અમાસે થતી સૂર્ય-ચંદ્રની યુતિને શુભ માનવામાં આવે છે. આપની મહત્ત્વાકાંક્ષા પૂર્ણ થશે. સરકારી નોકરીના યોગ બને. વારસા, મકાન, વાહન વગેરે પ્રશ્ન હલ થાય. સંતાનોના વિકાસ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. પ્રેમ વિવાહ થાય. નવાં રોકાણ કે શેર બજારથી લાભ થાય. નોકરીમાં પ્રમોશન મળે. રોજના વેપાર ધંધામાં નફો વધે. આરોગ્યનું ધ્યાન રાખવું.

સિંહ (મ,ટ):- આપના નવા વર્ષની શરૂઆતે આત્મકારક નીચમાં રાજયોગ કરતાં સૂર્ય, મનનો કારક ચંદ્ર અને બુધ્ધિનો કારક બુધની યુતિ ત્રીજા ભાવમાં શુભ સંકેત સમાન છે. વેપાર-ધંધા તથા ટેકનોલોજી ઓનલાઈન શિક્ષણ દલાલી, પ્રવાસ વગેરે કામ કરનારને તકો મળતી રહેશે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવશે. આત્મવિશ્વાસથી વહીવટી કાર્ય સફળ બનશે. સરકારી નોકરીમાં પ્રગતિ, વારસા, નવા ઘર, વેપાર-ધંધા શેર બજાર વગેરેમાં વર્ષ દરમિયાન તકો મળતી રહેશે. સંતાનોનાં કામ થાય. પ્રેમ વિવાહમાં મદદ મળે.

કન્યા (પ,ઠ,ણ):- નવી વર્ષની શુભ શરૂઆતે તમારા બીજા ભાવમાં નીચભંગ કરતો આત્મકારક સૂર્ય, મનકારક ચંદ્ર અને બુધ્ધિના કારક બુધની યુતિ આવનાર વર્ષ આર્થિક બાબતે શુભ રહેશે. કુટુંબમાં વૃધ્ધિ થાય. નવા સભ્યનો ઉમેરો થવાથી ઉત્સાહ વધે. વેપાર-ધંધા, વારસા, કોર્ટ-કચેરી, સંતાન અને પરિવારની સમસ્યાનું સમાધાન થાય. સરકારી નોકરીની તક મળે. વહીવટી કુશળતાથી નવા પ્રોજેક્ટ સફળ બને. વિદ્યાર્થીઓને તક મળે. નવાં ઘર, વાહનની યોજના પાર પડશે. ધર્મ-કર્મ થાય. વિશ્વાસઘાતથી બચવું.

તુલા (ર,ત): આપની રાશિમાં આત્મકારક નીચભંગ કરતા સૂર્ય, મનનો કારક ચંદ્ર અને બુધ્ધિનો કારક બુધની યુતિથી નવા વર્ષનો પ્રારંભ થતો હોવાથી તમારી હોંશિયારી અને અનુભવ નવા વર્ષમાં કામ આવવાના સંકેત સમાન છે. પોતાના મનનો અવાજ સાંભળતાં રહેવું. આવનાર વર્ષ નવી તકો, નવા ફેરફાર અને ઈચ્છાને પૂર્ણ કરનાર બની રહેશે. ઉઘરાણી આવે. વેપાર-ધંધામાં આવક વધે. વિદ્યાર્થીઓને તક મળે. શેર બજારમાં લાભ રહે. પ્રેમમાં સફળતા.

વૃશ્ચિક (ન,ય):- નવા વર્ષની શરૂઆતે આત્મકારક નીચભંગ કરતો સૂર્ય, મનનો કારક ચંદ્ર અને બુધ્ધિનો કારક બુધની યુતિ આપના બારમા ભાવમાં વિદેશને લગતાં કામ થવાની શક્યતા વધારે છે. કોર્ટ-કચેરીના કામમાં અનુકૂળતા રહેશે. પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી નીકળવાની શક્તિ મળે. વિશ્વાસઘાતથી બચવું તથા આરોગ્યનું ધ્યાન રાખવું. નોકરીમાં પ્રમોશન કે ઉચ્ચ હોદ્દાની નોકરીની ખાનગી કંપનીની ઓફર આવશે. વિદ્યાર્થીઓની મહેનત ફળે. આર્થિક પ્રગતિ.

ધન (ભ,ધ,ફ,ઢ):- નવા વર્ષની શુભ શરૂઆતે લાભસ્થાનમાં આત્મકારક સૂર્ય મનનો કારક ચંદ્ર અને બુધ્ધિના કારક બુધની યુતિથી થાય છે. માટે ઉચ્ચ કક્ષાનાં મિત્રો અને લોકોનો સાથ મળે. સંતાનોની સમસ્યાનું સમાધાન થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. નવાં આર્થિક રોકાણ થાય. શેર બજારમાં તક મળે. પ્રેમ પ્રકરણ અનુકૂળ રહેશે. વર્ષ દરમિયાન નવા અવસર મળતા રહેવાથી કામમાં વ્યસ્ત રહેવાનું થશે. વિદેશનાં કામ થાય. આરોગ્ય સાચવવું. નોકરી-ધંધામાં નવી તકો મળશે.

મકર (ખ,જ):- આપના કર્મસ્થાનમાં નીચભંગ કરતાં આત્મકારક સૂર્ય, મનનો કારક ચંદ્ર અને બુદ્ધિના કારક બુધની યુતિ સાથે નવા વર્ષની શુભ શરૂઆત થતી હોવાથી વેપાર-ધંધામાં નવી યોજના સફળ રહે. વાહન, ઘર, મિલકત, મકાન વગેરેનાં કામ પાર પડે. આર્થિક પ્રગતિથી બચત બને. નોકરીમાં પ્રમોશન થાય. પ્રેમવિવાહની શક્યતા રહેશે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળશે. આવક વધારવાની યોજના બને. વિદેશનાં કામ પાર પડે. આરોગ્યનું ધ્યાન રાખવું.

કુંભ (ગ,સ,શ,ષ): આત્મકારક સૂર્ય નીચભંગ રાજયોગ કરનાર મનના કારક ચંદ્ર અને બુદ્ધિના કારક બુધ સાથે નવા વર્ષની શરૂઆતે ભાગ્યમાં યુતિ કરે છે માટે પિતાથી લાભ થાય. પિતાના વ્યવસાયમાં પ્રગતિ થાય. ઉચ્ચ શિક્ષણની યોજના બને. વિદેશનો કામ થાય. ઉચ્ચ કક્ષાનાં લોકોનો સાથ મળે. નોકરી-ધંધામાં અનુકૂળતા રહે. આર્થિક પ્રગતિથી મિલકત જમીન-મકાન વગેરેમાં રોકાણ થાય. નવા ધંધાની તક મળે. નોકરીમાં પ્રમોશન થાય. પ્રેમમાં સાથ મળે. વર્ષ દરમિયાન ચડતીપડતી સાથે પ્રગતિ.

મીન (દ,ચ,ઝ,થ):- આપના આઠમા ભાવમાં નવા વર્ષની શુભ શરૂઆતે આત્મકારક નીચભંગ કરતા સૂર્ય સાથે મનના કારક ચંદ્ર અને બુધ્ધિના કારક બુધની યુતિ આરોગ્ય બાબતે સભાનતા સૂચવે છે. કોઈની વાતોમાં રોકાણ કરવાનું ટાળવું. સરકારી નોકરીની તક મળે. ઉઘરાણી આવે. અચાનક સફળતા મળી શકે છે. વેપાર ધંધા-વ્યવસાયમાં યોજના સરળ બને. આધ્યાત્મિક પ્રગતિ થાય. વિદેશનાં કામ પાર પડશે. ઉચ્ચ શિક્ષણ, કાયદા કાનૂન વગેરેમાં પ્રગતિ થાય. સમાજમાં યશ મળે. વિદ્યાભ્યાસથી બચવું.

કારતક વિક્રમ સંવત 2083નું વર્ષ

2028 સુધીનો સમય રાજકીય રીતે સારો નહીં રહે

વિક્રમ સંવત 2083 'કાલયુક્ત' નામ સંવત્સરનો પ્રારંભ ભારતિય વૈદિક પંચાંગ અને જ્યોતિષ અનુસાર તા.10-11-2026ના સૂર્યોદયથી થાય છે. આ સમય આકાશમાં તુલા લગ્ન 23 અંશનું ગુરુના વિશાખા નક્ષત્રનું ઉદિત છે. તુલા લગ્ન સુખ-સમૃધ્ધિ, ન્યાય, કલા, સાહિત્ય, વેપાર-ધંધા અને ભાગીદારીનું કારક છે તેમજ તુલા લગ્ન એક જ ઘરેડ કે સ્થિતિમાં રહેવાનું પસંદ કરતું નથી. તે સતત ફેરફાર અને બદલાવમાં માને છે. તેમ જ સાચા-ખોટાનું પારખનાર સાચા અર્થમાં સામાજિક હોય છે. ***એ રીતે જોતાં આ વર્ષ દરમિયાન રચનાત્મક કામ, કલા, સંગીત, નૃત્ય, સાહિત્ય, આધુનિક ટેકનોલોજી, મોજ-શોખ, ખાણી-પીણી, હોટેલ, રેસ્ટોરન્ટ, ટ્રાન્સપોર્ટ, રિયલ એસ્ટેટ, ફેશન, કાપડ-હીરા ઝવેરાત, ખેતીવાડી વગેરે વેપાર ધંધા માટે શુભ સંકેત છે.*** *જો કે ઊર્જા ક્ષેત્રે કટોકટી રહેવાથી ઔદ્યોગિક સાહસ ધીમાં પડશે. ચંદ્ર સામાન્ય રહેશે. કારતક સુદ-પ્રતિપદાના સૂર્યોદય તુલા લગ્નમાં વર્ષની શરૂઆત ગુરુની મહાદશામાં થતી હોવાથી તેમજ લગ્ન, સૂર્ય અને ચંદ્ર વિશાખા ગુરુના નક્ષત્રમાં હોવાથી 2028 સુધીનો સમય રાજકીય રીતે સારો નહીં રહે. ગુરુ ધર્મ, જ્ઞાન, વિદ્યાભ્યાસ કે શિક્ષા, ન્યાય, નીતિ, આર્થિક બાબતો, સુખ-સુવિધા, સુખાકારી, ધર્મ-ગુરુ વગેરેનો કારક છે અને વર્ષ કુંડલીમાં મારકેશ બને છે માટે ખેતીવાડી, શિક્ષા, ધર્મ અને ન્યાયને લઈને લોકોની સમસ્યા વધશે. સરકાર અને જનતા વચ્ચે ધર્મ, શિક્ષણ, ખેતીવાડી, ન્યાયતંત્ર અને ઊર્જા, ટેકનોલોજીની સમસ્યા નીચનો મંગળ પેદા કરીને જન આંદોલનને પ્રેરિત કરશે. ટૂંકમાં સરકાર અને જનતા વચ્ચે ગૃહયુધ્ધ જેવું વાતાવરણ રહેશે.*

કારણ કે 'કાલયુક્ત' સંવત્સરનું ફળ હાનિ કરવાનું હોય છે. શાસ્ત્રો પ્રમાણે કાલયુક્ત સંવત્સર ધન-અન્નની તંગી પેદા કરવાની અને પરિસ્થિતિ પ્રમાણે ઝડપી બદલાવ કે પરિવર્તન તથા પ્રશાસનિક કડકાઈ કે સખ્તી તથા કડક કે કઠિણ નિર્ણયોનું પ્રતીક માનવામાં આવે છે. સરકારને મજબુરીથી જનતા સાથે સંઘર્ષમાં ઊતરવાનું વર્ષ માનવામાં આવે છે.

સત્તામાં બેઠેલા ઉચ્ચ પદ તેમજ પ્રશાસન સાથે સાંઠ ગાંઠ રાખનાર લોકો જે ઠગ વૃત્તિનાં હશે તેના દ્વારા આર્થિક ગોટાળા થશે અને જન સામાન્યની મૂડી ધોવાશે.

વર્ષ કુંડલી પ્રમાણે મંગળ મારકેશ કે હાનિકારક બને છે માટે દેશની સરહદો પર તનાવ પેદા થશે. *જે સામાન્ય રીતે વૈશ્વિક સ્તર પર યુધ્ધ જેવી સ્થિતિનું નિર્માણ સૂચવે છે. ભારતના રાજકારણ અને પડોશી દેશ તથા આપણી સેનાની પ્રવૃતિ અને સંઘર્ષ વધશે. જેની અસર આર્થિક બાબતો પર થવાથી આર્થિક ઉથલપાથલના સંકેત ગણી શકાય અને નીતિગત નિર્ણયો પણ આર્થિક, સામાજિક, રાજનીતિ વગેરેને પ્રભાવિત કરશે. આપણા હિન્દુ વર્ષ પ્રમાણે વર્ષનો રાજા ગુરુ અને મંત્રી મંગળ છે. કુંડલી પ્રમાણે ગુરુ અને મંગળ તુલા લગ્નમાં મારકેશ બને છે. ઉપરાંત લગ્નેશ શુક્ર બારમે નીચનો નીચભંગ રાજયોગ કરતો મંગળના ચિત્રા નક્ષત્રમાં વક્રી છે અને લગ્નમાં નીચના સૂર્ય સાથે રહેલ બુધ સાથે પરિવર્તન યોગ કરે છે. બુધ પણ વક્રી છે. માટે જ* ***શેર બજારમાં તેજી જોવા મળે છે અને આવનાર વર્ષમાં પણ સામાન્ય રીતે શેર બજારની સ્થિતિ હકારાત્મક રહેશે.*** *પણ આ પરિવર્તન યોગ દરિદ્રયોગ કરે છે માટે રોકાણકારોએ ખૂબ જ સાવધાની રાખવી પડશે. વર્ષ કુંડલીમાં ધન સ્થાનમાં નીચનો ચંદ્ર-કર્મસ્થાન અને સેના નાયક તથા મંત્રી એવા મંગળ જે પણ નીચનો છે ની સાથે પરિવર્તન યોગ કરે છે જે ખલ નામનો અશુભ યોગ કરે છે જે ખાસ કરીને આર્થિક ગોટાળાનું સૂચન કરે છે. સત્તામાં બેઠેલા ઉચ્ચ પદ તેમજ પ્રશાસન સાથે સાંઠ ગાંઠ રાખનાર લોકો જે ઠગ વૃત્તિનાં હશે તેના દ્વારા આર્થિક ગોટાળા થશે અને જન સામાન્યની મૂડી ધોવાશે. વર્ષનો રાજા ગુરુ છે જે લાભસ્થાનમાં કેતુ સાથે મઘા નક્ષત્રમાં ગંડાત દોષથી પીડિત થાય છે. ઉપરાંત ગુરુ અતિચારી અવસ્થામાં છે* ***માટે સત્તામાં પરિવર્તન ચાલુ વર્ષમાં જોવા મળશે.*** *સત્તાનો કારક સૂર્ય જે આત્મકારક છે નીચનો છે અને ગુરુના નક્ષત્રમાં હોવાથી ન્યાય, સત્તા, શિક્ષા, ધર્મ, જ્ઞાન, ધન-અધ્યાત્મ, ધાર્મિક સ્થળો અને રાજા કે સરકારનો ઉપરોક્ત બાબતોને લઈને અહંકાર ટકરાશે જે જનતા સાથે સંઘર્ષ વધારશે.*

અમરેલીમાં વંદે ભારત એક્સપ્રેસ પર પથ્થરમારો: એન્જિનનો કાચ તૂટ્યો, મુસાફરોમાં ફફડાટ

લાઠી-ખીજડિયા વચ્ચે અજાણ્યા શખ્સોની કરતૂત, સદનસીબે કોઈ મુસાફરને ઈજા નહીં



ગાંધીનગરઃ ગુજરાતમાં ફરી એકવાર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને નિશાન બનાવવાની ઘટના સામે આવી છે. અમરેલી જિલ્લાના લાઠી અને ખીજડિયા વચ્ચે સાબરમતીથી વેરાવળ તરફ જઈ રહેલી વંદે ભારત ટ્રેન પર અજાણ્યા શખ્સોએ પથ્થરમારો કરતાં ટ્રેનના આગળના ભાગનો કાચ તૂટી ગયો હતો. અચાનક થયેલા આ હુમલાને પગલે ટ્રેનમાં સવાર મુસાફરોમાં ફફડાટ ફેલાયો હતો. જોકે, સદનસીબે આ ઘટનામાં કોઈ મુસાફરને ઈજા થઈ ન હતી અને ટ્રેનને સુરક્ષિત રીતે આગળ રવાના કરવામાં આવી હતી.

પ્રાથમિક વિગતો મુજબ, વંદે ભારત એક્સપ્રેસ લાઠી અને ખીજડિયા વચ્ચેના રેલવે ટ્રેક પરથી પસાર થઈ રહી હતી ત્યારે અજાણ્યા ઈસમોએ તેના પર પથ્થરમારો કર્યો હતો. એક પથ્થર ટ્રેનના આગળના ભાગના કાચ સાથે અથડાતાં કાચ તૂટી ગયો હતો અને ટ્રેનને નુકસાન પહોંચ્યું હતું.

બનાવ બાદ રેલવે તંત્ર દ્વારા જરૂરી તપાસ હાથ ધરી ટ્રેનને આગળ જવા દેવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં રેલવે તંત્ર અને સ્થાનિક પોલીસ હરકતમાં આવી હતી. લાઠી પોલીસ દ્વારા ઘટનાસ્થળની તપાસ કરી પથ્થરમારો કરનારા શખ્સોની ઓળખ મેળવવા અને તેમની ભાળ મેળવવા તપાસ શરૂ કરવામાં આવી છે. અજાણ્યા શખ્સોએ કયા ઈરાદાથી ટ્રેન પર પથ્થરમારો કર્યો તે સહિતના પાસાઓની તપાસ કરવામાં આવી રહી છે.

નૂતન વર્ષે મુખ્યમંત્રી નાગરિકો શુભેચ્છાઓ પાઠવશે

સવારે પંચદેવ મંદિર અને અડાલજ ત્રિમંદિરમાં દર્શન કરશે

ગાંધીનગરઃ વિક્રમ સંવત ૨૦૮૩ના નૂતન વર્ષના પ્રારંભે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ૧૦ નવેમ્બરના રોજ ગાંધીનગર અને અમદાવાદમાં વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી નાગરિકો સાથે નવા વર્ષની શુભેચ્છાઓનું આદાનપ્રદાન કરશે. પરંપરા મુજબ ધાર્મિક સ્થળોએ દર્શનથી નવા વર્ષની શરૂઆત કર્યા બાદ તેઓ ગાંધીનગરમાં મંત્રીમંડળ નિવાસ સંકુલ ખાતે નાગરિકો સાથે સ્નેહમિલન કરશે. ત્યારબાદ અમદાવાદમાં પણ નાગરિકો અને પોલીસ પરિવાર સાથે નૂતન વર્ષની ખુશીઓ વહેંચશે.

મુખ્યમંત્રી સવારે ૭ વાગ્યે ગાંધીનગરના પંચદેવ મંદિરે દર્શન કરીને નવા વર્ષની શરૂઆત કરશે. ત્યારબાદ સવારે ૭:૩૦ કલાકે અડાલજના ત્રિમંદિરે દર્શન-પૂજન કરશે. સવારે ૮ વાગ્યે મંત્રીમંડળ નિવાસ સંકુલના કોમ્યુનિટી સેન્ટર ખાતે નાગરિકો અને પ્રજાજનો સાથે નૂતન વર્ષાભિનંદનના શુભેચ્છા સ્નેહમિલનમાં ભાગ લેશે. આ ઉપરાંત સવારે ૮:૫૦ કલાકે રાજભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવશે. અમદાવાદમાં સવારે ૧૦ વાગ્યે ભદ્રકાળી માતાના મંદિરે દર્શન કર્યા બાદ ૧૦:૩૦ કલાકે શાહીબાગ સ્થિત એનેક્સી સ્ટેટ ગેસ્ટ હાઉસ ખાતે નાગરિકો સાથે શુભેચ્છાઓની આપ-લે કરશે. નૂતન વર્ષના દિવસે બપોરે ૧૧:૪૫ કલાકે શાહીબાગ ડફનાળા સ્થિત પોલીસ ઓફિસર્સ મેસ ખાતે વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને તેમના પરિવારજનો માટે આયોજિત સ્નેહમિલન સમારોહમાં પણ મુખ્યમંત્રી ઉપસ્થિત રહી તેમને નવા વર્ષની શુભકામનાઓ પાઠવશે.

ડાંગમાં અકસ્માતના ગુનામાં નાસતો ફરતો વોન્ટેડ આરોપી ઝડપાયો

સાપુતારા : ડાંગ જિલ્લાનાં સાપુતારા પોલીસ સ્ટેશન દ્વારા છેલ્લા પાંચ મહિનાથી અકસ્માતના ગુનામાં નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડવામાં આવ્યો છે. સુરત રેન્જ પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંહ, ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પુજા યાદવ અને નાયબ પોલીસ અધિક્ષક કે.આર.ડીમરીના માર્ગદર્શન હેઠળ સાપુતારા પોલીસ ઈન્સ્પેક્ટર જે.કે. બારીયા અને તેમની ટીમે કાર્યવાહી કરી છે. સાપુતારામાં ગફલતભરી રીતે કાર ચલાવી મોટરસાયકલને ટક્કર મારતા સવાર ઈશાન જાદવનું મોત નીપજ્યું હતુ. અને આરોપી ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. આરોપી ઈમરાન નસરૂલ્લા સાપુતારા ચેકપોસ્ટ પાસેથી પસાર થવાનો હોવાની ચોક્કસ બાતમી મળી હતી. આ ટેક્નિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સની બાતમીના આધારે સાપુતારા પોલીસે ચેકપોસ્ટ પર વોચ ગોઠવી આરોપીને ઝડપી પાડ્યો છે.

રાજ્યમાં શિયાળાનું ધીમું આગમન: 8 જિલ્લામાં લઘુતમ તાપમાન 20 ડિગ્રીથી નીચે

રાત્રે 10 વાગ્યા બાદ ઠંડીનો ચમકારો વધ્યો, ડીસા 38.6 ડિગ્રી સાથે સૌથી ગરમ

ગાંધીનગરઃ રાજ્યમાં ધીમે ધીમે શિયાળાનો પ્રભાવ વર્તાવા લાગ્યો છે. વાતાવરણમાં આવી રહેલા પલટા વચ્ચે રાત્રિના તાપમાનમાં ઘટાડો થતાં અનેક વિસ્તારોમાં વહેલી સવારે ગુલાબી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. રાજ્યના આઠ જિલ્લાઓમાં લઘુતમ તાપમાન 20 ડિગ્રીથી નીચે નોંધાતાં શિયાળાના આગમનના એંધાણ મળી રહ્યા છે. ખાસ કરીને નલિયામાં પારો ગગડીને 17.2 ડિગ્રી સુધી પહોંચ્યો છે.

અમદાવાદ અને ગાંધીનગરમાં પણ વહેલી સવારે ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે, જ્યારે રાત્રે 10 વાગ્યા બાદ વાતાવરણમાં ઠંડક વધવા લાગી છે.

હવામાન વિભાગના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજ્યના ગુજરાત રિજન, સૌરાષ્ટ્ર-કચ્છ સહિતના વિસ્તારોમાં હવામાન મુખ્યત્વે શુષ્ક રહ્યું હતું.

લઘુતમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નોંધાયો નથી. સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક વિસ્તારોમાં લઘુતમ તાપમાન સામાન્ય કરતાં વધુ નોંધાયું હતું, જ્યારે ગુજરાત રિજનના કેટલાક વિસ્તારોમાં પણ તાપમાન સામાન્ય કરતાં ઊંચું રહ્યું હતું.

આમ છતાં નલિયામાં 17.2 ડિગ્રી સાથે રાજ્યનું સૌથી નીચું લઘુતમ તાપમાન નોંધાયું હતું. અમરેલીમાં 18.8 ડિગ્રી, ભાવનગરમાં 19.2 ડિગ્રી, મહુવામાં 18.1 ડિગ્રી અને વડોદરામાં 19.5 ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. રવિવારે ડીસામાં સૌથી વધુ 38.6 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

અનુસંધાન... પાના પહેલાનું

સશસ્ત્ર માઓવાદીઓ...

કે સરકારે આ વર્ષે ૩૧ માર્ચે દેશને નક્સલવાદ મુક્ત જાહેર કર્યો હતો. નક્સલવાદનો ખતરો હજુ પૂરો થયો નથી એમ કહેતા મોદીએ સૈન્ય-શૈલીના કેમોફ્લાજ યુનિફોર્મ અને હેટ પહેરીને જણાવ્યું હતું કે સરકારે એવા નિર્ણયો લીધા છે જેણે 'નક્સલવાદીઓ અને અલગતાવાદીઓના ફંડિંગ પર ખૂબ મોટો પ્રહાર કર્યો છે.' તેમણે કહ્યું કે માઓવાદી આતંકનો ખાતમો એ દેશની સાચી નીતિઓ અને મજબૂત રાજકીય ઈચ્છાશક્તિની જીત છે. ''આ સફળતાઓ વચ્ચે આપણે એક વધુ વાત યાદ રાખવી પડશે. નક્સલવાદીઓનો નાશ થઈ ગયો છે, પરંતુ ખતરો હજુ ટળ્યો નથી. સશસ્ત્ર નક્સલવાદીઓ જંગલોમાંથી અદ્રશ્ય થઈ ગયા છે, પરંતુ 'દિમાગી નક્સલો' (તેમના વિચારધારાકીય સમર્થકો)એ કેટલાક સંગઠનો પર કબજો જમાવી લીધો છે,'' એમ મોદીએ કહ્યું હતું.

ઓગસ્ટમાં સ્વતંત્રતા દિવસે પણ મોદીએ 'દિમાગી નક્સલ'નો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે દેશ સશસ્ત્ર નક્સલવાદને દૂર કરવામાં સફળ રહ્યો છે, પરંતુ તેના વિચારધારાકીય સમર્થકો હિંસાને પ્રોત્સાહન આપવાની તકો શોધી રહ્યા છે. બસ્તરમાં નક્સલવાદ સામેની લડાઈને યાદ કરતા રવિવારે મોદીએ કહ્યું કે તે આસાન ન હતું, કારણ કે એક સમયે વિભિન્ન ૨૦ રાજ્યોના ૨૩૦ થી વધુ જિલ્લાઓ ડાબેરી અતિવાદથી પ્રભાવિત હતા. સૂર્યાસ્ત પછી જીવન થંભી જતું હતું. હજારો ગામડાઓ અને કરોડો લોકો પ્રભાવિત થયા હતા, જેમાં વાર્ષિક આશરે ૨,૦૦૦ નક્સલી હુમલા થતા હતા, એમ તેમણે જણાવ્યું હતું. અગાઉની સરકારો પર નિશાન સાધતા તેમણે કહ્યું, ''આ ધરતી આપણા બહાદુર જવાનોના લોહીથી ભીંજાઈ ગઈ હતી, પરંતુ મહેલોમાં રહેતા એક પણ 'નામદારો'ના મોંમાંથી દુઃખનો એક પણ આહ સાંભળવા મળ્યો ન હતો. તેમની આંખોમાંથી એક પણ આંસુ ન સરક્યું. લગભગ દરરોજ ક્યાંક ને ક્યાંક આવા હુમલા થતા રહેતા હતા.'' તેમણે જણાવ્યું કે ૨૦૦૪ થી ૨૦૧૩ ની વચ્ચે દર વર્ષે નક્સલવાદીઓ માર્યા ગયા તેના કરતાં વધુ સુરક્ષા જવાનોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. ૨૦૧૪ પછી સુરક્ષા દળોની પરિસ્થિતિ અને મનોબળ બદલાવા લાગ્યું. ૪૭ વર્ષમાં પહેલીવાર છેલ્લા એક વર્ષમાં ડ્યુટી દરમિયાન એક પણ CRPF જવાને પોતાનો જીવ ગુમાવ્યો નથી, તેમ તેમણે નોંધ્યું હતું.

અડવાણીનો 100મા...

વડાપ્રધાન મોદી પણ અડવાણીના નિવાસસ્થાને પહોંચ્યા હતા. મોદીએ કહ્યું હતું કે, અડવાણી અને ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીએ સહયોગનું એક અદ્ભુત ઉદાહરણ પૂરું પાડ્યું હતું અને બંનેએ મળીને ભારતીય રાજકારણનો પ્રવાહ બદલી નાખ્યો હતો. 'X' પર એક પોસ્ટમાં નિતિન નબીને અડવાણીજીને સૌના માર્ગદર્શક ગણાવ્યા હતા. તેમણે જનસંઘથી લઈને ભાજપ સુધી સંગઠનના વિસ્તારમાં, દરેક નાગરિક સુધી રાષ્ટ્રવાદી વિચારધારા પહોંચાડવામાં અને રામ જન્મભૂમિ આંદોલનને જનઆંદોલનમાં ફેરવવામાં અડવાણીજીના અવિસ્મરણીય યોગદાનનો શ્રેય આપ્યો હતો. ૮ નવેમ્બર, ૧૯૨૭ના રોજ જન્મેલા અડવાણીએ આજે જીવનના ૯૯ વર્ષ પુરા કર્યા હતા અને ૧૦૦મા વર્ષમાં પ્રવેશ કર્યો હતો.

દેશભરમાં રોશનીના...

અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ પણ લોકોને દિવાળીની શુભેચ્છા આપી હતી. દિલ્હીમાં ફટાકડા પરના નિયંત્રણોના પાલન માટે પોલીસે કડક ચોકીપહેરો ગોઠવ્યો હતો.

ઇઝરાયેલના પ્રમુખે...

ગઠબંધન 68 બેઠકોના ટોચના સ્તરથી ઘટીને માત્ર 53 બેઠકો પર આવી ગયું છે. આઈઝનકોટના નેતૃત્વ હેઠળના વિપક્ષી જૂથે 48 બેઠકો જીતી છે, અને અરબ-અગ્રણી પક્ષોએ બાકીની 19 બેઠકો મેળવી છે. પરંતુ ગયા અઠવાડિયે પોતાની ચર્ચા-વિચારણા પછી, હર્ઝોગે નક્કી કર્યું કે આઈઝનકોટ પાસે ગઠબંધન રચવાની સૌથી સારી તક છે. કારણ કે અરબ-અગ્રણી પક્ષોએ કહ્યું હતું કે તેઓ તેમને સમર્થન આપવા માટે તૈયાર છે. ગાઝા અને સમગ્ર મધ્ય પૂર્વમાં ત્રણ વર્ષના યુદ્ધો પછી, અરબ નેતૃત્વવાળા પક્ષો સાથે સહયોગ કરવો રાજકીય રીતે મુશ્કેલ છે. હર્ઝોગે શનિવારે આઈઝનકોટને તક આપવાની જાહેરાત કર્યા પછી, ઉમેદવારે શક્ય તેટલી ઝડપથી સરકાર બનાવવાનું વચન આપ્યું હતું. પરંતુ તેમ કરવા માટે ચોક્કસપણે બાંધછોડ કરવી પડશે અથવા વચનો તોડવા પડશે.

દિવાળી પછી દિલ્હીમાં...

વધુ 450 એક્યુઆઈ નોંધાયો હતો, ત્યાર બાદ આરકે પુરમમાં 448 એક્યુઆઈ નોંધાયો હતો. શુક્રવારે શહેરનો એક્યુઆઈ 382થી થોડો સુધરીને શનિવારે 369 થયો હતો, પરંતુ તે 'ગંભીર' શ્રેણી માટેની 401ની મર્યાદાની નજીક જ રહ્યો હતો. કેટલાંક મોનિટરિંગ સ્ટેશનોએ પહેલાથી જ 400થી વધુ એક્યુઆઈ સ્તર નોંધાવ્યું હતું. દિલ્હી માટેની એર ક્વોલિટી અર્લી વોર્નિંગ સિસ્ટમ (ઈડબલ્યુએસ) અનુસાર, 8 અને 9 નવેમ્બરે હવાની ગુણવત્તા 'ગંભીર' શ્રેણીમાં રહેવાની શક્યતા છે. આગામી છ દિવસનું અનુમાન દર્શાવે છે કે, પ્રદૂષણનું સ્તર 'ગંભીર' અને 'ખૂબ જ નબળી' શ્રેણી વચ્ચે ઉતાર-ચડાવ રહેવાની ધારણા છે.

સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સીપીસીબી) મુજબ, 0 અને 50 વચ્ચેનો એક્યુઆઈ 'સારો', 51થી 100 'સંતોષકારક', 101થી 200 'મધ્યમ', 201થી 300 'નબળો', 301થી 400 'ખૂબ જ નબળો' અને 401થી 500 'ગંભીર' ગણવામાં આવે છે.

8 વર્ષ પછી મુહૂર્તના...

મહિન્દ્રા, ઈન્ટરગ્લોબ એવિએશન, ટ્રેન્ટ, ઈન્ફોસિસ, ભારતી એરટેલ અને એક્સિસ બેંકમાં સૌથી વધુ ઘટાડો નોંધાયો હતો. જ્યારે સન ફાર્મા, ટાટા સ્ટીલ, મારુતિ અને પાવર ગ્રીડ મુખ્ય વધનારા શેરોમાં સામેલ હતા. બંને બેન્ચમાર્ક ઈન્ડેક્સ, સેન્સેક્સ અને નિફ્ટીએ, 2018 પછી દિવાળી ટ્રેડિંગ સેશનમાં નોંધાતી સતત આઠ વર્ષની તેજીના રેકોર્ડને તોડ્યો છે. મુહૂર્ત ટ્રેડિંગ એ દિવાળીના દિવસે યોજાતું એક પ્રતીકાત્મક માર્કેટ સેશન છે, જે નવા હિન્દુ કેલેન્ડર વર્ષની શરૂઆત પણ દર્શાવે છે. એવી માન્યતા છે કે 'મુહૂર્ત' અથવા શુભ સમય દરમિયાન ટ્રેડિંગ કરવાથી રોકાણકારો અને હિસ્સેદારો માટે સમૃદ્ધિ અને નાણાકીય વૃદ્ધિ થાય છે.

ઘેજમાં ૧૨.૪૮ લાખના યુરિયા ખાતર કૌભાંડમાં મંત્રીના જામીન નામંજૂર

એડિશનલ સેશન્સ કોર્ટે જામીન ફગાવતા પોલીસે ધરપકડના ચક્રો ગતિમાન કર્યા

મંડળીના અન્ય જવાબદાર હોદ્દેદારો અને સંડોવાયેલા મુખ્ય સૂત્રધાર સામે પણ તટસ્થ તપાસની લોકમાગ

ઘેજ : ચીખલી તાલુકાના ઘેજ ગામની સહકારી મંડળીમાં સરકાર સાથે છેતરપિંડીના ગુનામાં એડિશનલ સેશન્સ કોર્ટ દ્વારા આરોપી મંત્રીની આગોતરા જામીન અરજી નામંજૂર કરતા પોલીસે ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતા.

જિલ્લા કલેક્ટરના આદેશ બાદ ઘેજ ગામની સહકારી મંડળીમાં ખેતીવાડી વિભાગની પીઓએસ મશીનના ડેટાના આધારે કરવામાં આવેલી તપાસમાં ૭૦ જેટલા બીલ ધારકોના નિવેદનોમાં ૩૨ જેટલા ખેડૂતોના નામે ખોટા બીલો બનાવી અને પીઓએસ મશીનના રેકર્ડ અને બીલ બુકના બીલોની સરખામણીમાં નીમ કોટેડ યુરિયાની કુલ ૧૯૮૦ જેટલી બેગોના બીલો નહીં બનાવી સગેવગે કરી સરકાર સાથે ૧૨.૪૮ લાખ રૂપિયાની છેતરપિંડી કરેલી હોવાનુ બહાર આવતા તે અંગે ખેતી અધિકારીની ફરિયાદમાં પોલીસે મંડળીના મંત્રી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસે દ્વારા ખાતર ન ખરીદનારા બીલ ધારકો, ખેડૂતોના નિવેદનો લેવામાં આવી રહ્યા છે.

આ ઉપરાંત મંડળીના કેટલાક ડિરેક્ટરોના પણ નિવેદનો લેવામાં આવ્યા હતા. આ દરમ્યાન એડિશનલ સેશન્સ કોર્ટમાં આરોપીના આગોતરા જામીન માટે દાદ માંગવામાં આવી હતી જે અરજીની સુનાવણી બાદ કોર્ટના ન્યાયધીશ દ્વારા આગોતરા જામીન અરજી નામંજૂર કરવામાં આવતા પોલીસ દ્વારા આરોપીની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતા.

જો કે પોલીસ દ્વારા સમગ્ર બાબતે મંડળીના અન્ય જવાબદાર કારભારીઓની ભૂમિકા પણ ચકાસવામાં આવે તે જરૂરી છે, ગામના કહેવાતા આગેવાન દ્વારા ખાતરના કથિત ગેરકાયદેસરના વેપલામાં મુખ્ય સૂત્રધારને બચાવવાની ફિરાકમાં યુરીયા ખાતરના સમગ્ર કાળા કારોબારનો દોષનો ટોપલો મંત્રી પર ઢોળવા માટે પ્રયત્નશીલ હોવાનુ જાણવા મળી રહ્યુ છે,

આમ તો મંત્રીના એકલા હાથે આ પ્રકારની ગેરરીતિ શક્ય જણાતી નથી અને મંત્રી દ્વારા ગેરવહીવટ કરવામાં પણ આવ્યો હોય તો પ્રમુખ દ્વારા તેની સામે અત્યાર સુધીમાં કયા પગલા લીધા હતા અને શું કાર્યવાહી કરવામાં આવી હતી? તેવા અનેક સવાલો ઉભા છે ત્યારે પોલીસ પણ કોઈપણ પ્રકારના દબાણમાં આવ્યા વિના તટસ્થ તપાસ કરી મૂળ સુધી પહોંચી મુખ્ય સૂત્રધાર એવા સબસિડિયુક્ત યુરિયા ખાતરનુ ગેરકાયદેસર વેચાણ કરનાર ઉપરાંત ખરીદી કરનાર અને સમગ્ર મામલે ખેતીવાડી અધિકારીની ભૂમિકાનો પણ પર્દાફાશ કરવામાં આવે તે જરૂરી છે.

જો કે આગોતરા જામીન અરજી નામંજૂર થયા બાદ પોલીસ આરોપીની ધરપકડ માટે એક્શન મોડમાં આવી ક્યારે ધરપકડ કરશે તે જોવુ રહ્યુ.

કરવડ નાશિક રોડ પર બાઈકની અડફેટે સાયકલચાલકનું મોત

વાપી : વાપીના ડુંગરી ફળિયા ખાતે આવેલ સાંઈ આસ્થા બિલ્ડીંગમાં રહેતા સિરાજ યાકુબ ખાનના મોટા ભાઈ મો. ઈશાક ખાન ગત ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ નોકરીથી સાયકલ પર ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન કરવડ, નાશિક રોડ પર એક બાઈક સાથે તેમનો અકસ્માત સર્જાયો હતો. આ ગંભીર અકસ્માતમાં ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલના આઈસીયુમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સાત દિવસ સુધી સારવાર ચાલુ રહ્યા બાદ ગત ૭ નવેમ્બર ૨૦૨૬ના રોજ તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ દુર્ઘટના અંગે સિરાજ ખાને વાપી ટ્રાફિક પોલીસ મથકમાં કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે આગળની તપાસ હાથ ધરી છે.

આધુનિકતાની ચમક વચ્ચે જૂની રૂઢિઓ અકબંધ

ફટાકડાનો શોરબકોર ઘટ્યો પણ શિક્ષિત વિસ્તારોમાં અંધશ્રદ્ધા યથાવત્

વલસાડના પોશ તીથલ રોડ સહિતના વિસ્તારોમાં વહેમ અને અંધશ્રદ્ધાના દ્રશ્યો જોવા મળ્યા

વલસાડ : દિવાળી પર્વની ઉજવણીમાં સમયની સાથે લોકોની જીવનશૈલી અને વિચારોમાં મોટો બદલાવ આવી રહ્યો હોવાના સંકેતો આ વખતે સ્પષ્ટપણે નજરે પડ્યા છે. ખાસ કરીને ધનતેરસ અને કાળી ચૌદસ જેવા મહત્વના દિવસો સુધી શહેરમાં ફટાકડા ફૂટવાનું પ્રમાણ નહિવત રહ્યું હતું. દર વર્ષે કાળી ચૌદસની સાંજ ઢળતાં જ આકાશમાં જે રંગબેરંગી આતશબાજી અને ધરા ધ્રૂજાવતા ધડાકાઓનો અવાજ ગુંજતો હતો, તે આ વર્ષે લગભગ ગાયબ રહ્યો હતો. પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ, પ્રદૂષણ નિયંત્રણ અંગેની સામાજિક સભાનતા કે પછી આર્થિક મોરચે લોકોની બદલાયેલી પ્રાથમિકતાઓને કારણે ફટાકડા ફોડવાનો ટ્રેન્ડ ધીમો પડતો જોવા મળ્યો છે, જેને લોકોએ એક સકારાત્મક પરિવર્તન તરીકે આવકાર્યો હતો. જોકે આ સકારાત્મક પરિવર્તનની સમાંતરે બીજું એક એવું ચિત્ર પણ સામે આવ્યું છે જે દર્શાવે છે કે, સમાજ વૈચારિક રીતે હજુ પણ સદીઓ જૂની રૂઢિચુસ્ત માન્યતાઓના વમળમાંથી બહાર આવી શક્યો નથી. કાળી ચૌદસની રાત વીત્યા બાદ વહેલી સવારે શહેરના વિવિધ મુખ્ય માર્ગો અને ચાર રસ્તાઓ પર પરંપરાગત વહેમ અને અંધશ્રદ્ધાના દ્રશ્યો છવાયેલા જોવા મળ્યા હતા. લોકમાન્યતા મુજબ વર્ષ દરમિયાન ઘરમાં થયેલા ક્લેશ, કંકાસ અને કકળાટને ઘરબહાર કાઢી નાખવાના ઈરાદે લોકો મધ્યરાત્રિએ કે વહેલી પરોઢે ચોકડીઓ પર જૂના ઝાડુ તેમજ અડદના વડાં મૂકી ગયા હતા. સવારના સમયે માર્ગો પરથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોને ઠેર-ઠેર આવા દ્રશ્યો જોવા મળતાં આશ્ચર્ય ફેલાયું હતું.

સૌથી વધુ ચોંકાવનારી બાબત એ રહી કે શહેરના અત્યંત પોશ, પ્રતિષ્ઠિત અને શિક્ષિત પરિવારોનો વસવાટ ધરાવતા તીથલ રોડ વિસ્તારમાં પણ આ પ્રકારની માન્યતાઓએ જોર પકડ્યું હતું. તીથલ રોડ પર આવેલા અનેક નાકાં, શેરીના વળાંકો અને મુખ્ય ચાર રસ્તાઓ પર ઝાડું અને વડાં મૂકેલાં સ્પષ્ટ નજરે પડ્યાં હતાં.

ઘર કરી ગયેલા વહેમોને સાફ કરવા માટે લોકજાગૃતિની જરૂર

એક તરફ યુવા પેઢી અને નાગરિકો અવાજ અને હવાના પ્રદૂષણથી બચવા ફટાકડાથી દૂર રહીને પ્રગતિશીલ વિચારસરણીનો પરિચય આપી રહ્યા છે, તો બીજી તરફ ઘરની શાંતિ માટે ચાર રસ્તા પર ઝાડું ફેંકી આવવા જેવી નિરર્થક માન્યતાઓ હજુ પણ અકબંધ રહી છે. ઘરનો કકળાટ, પરસ્પરના સ્નેહ, સમજણ અને સદભાવનાથી દૂર થઈ શકે છે, નહીં કે ચાર રસ્તા પર કચરો અને ઝાડું ફેંકીને ગંદકી ફેલાવવાથી. દિવાળીએ બદલાતા જમાના સાથે તહેવાર ઉજવવાની પદ્ધતિ ભલે બદલી હોય, પરંતુ લોકમાનસમાં ઘર કરી ગયેલા વહેમોને સાફ કરવા માટે હજુ વધારે લોકજાગૃતિની જરૂર હોવાનું આ કાળી ચૌદસે ફરી એકવાર સાબિત કરી દીધું છે.